# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-12-2024** **MIDDAY : 2.30 to 2.35**
**Day: THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# VICE CHANCELLORS' SUMMIT ON NEP

ગાંધીનગરના વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે આજે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણની સમીક્ષા કરવા યુનિવર્સિટીઓના કુલપતિઓની એક દિવસીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું છે. ટેકનિકલ ઉચ્ચ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં યોજાઇ રહેલી આ પરિષદમાં રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયા, રાજ્ય સરકારના અધિક મુખ્ય સચિવ સુનૈના તોમર સહિત વિવિધ સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓના વાઇસ ચાન્સેલર ભાગ લઈ રહ્યા છે.

આ અંગે વધુ માહિતી આપતાં, મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, આ પરિષદમાં  નવી શિક્ષણ નીતિના  અમલીકરણ, વૈશ્વિક પ્રવાહો, ખૂટતી બાબતોની ઓળખ તેમજ શૈક્ષણિક ક્ષેત્રમાં ઈનોવેશન અને સ્ટાર્ટ અપ માં સંયુક્ત પ્રયાસો પર ચર્ચા થશે.

## બાઇટ - ઋષિકેશ પટેલ

અમારા ગાંધીનઅગર જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે જે, આ પરિષદમાં એઆઈ અને ગ્રીન સ્કીલ્સ પર એડયુનેટ સાથે સમજૂતી કરાર થશે.

---

- અપર્ણા //પી ટી સી દુર્ગેશ મહેતા

-(NAVIN)

# MOTHER AND CHILD PROTECTION PROGRAM

રાજ્ય સરકારના જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ હેઠળ ગત વર્ષ દરમિયાન કુલ ૧૮ લાખ ૪૫ હજારથી વધુ લાભાર્થીઓને ખિલખિલાટ વાહનો દ્વારા મફત પરિવહન સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. હાલ રાજ્યમાં ૪૧૪ ખિલખિલાટ વાહનો સેવામાં કાર્યરત છે. જે રાજ્યની તમામ સગર્ભા બહેનો, ધાત્રી માતાઓ અને નવજાત શિશુઓને બિન-ઇમરજન્સી કિસ્સાઓમાં ઘરેથી આરોગ્ય સુવિધા, રેફરલ અને આરોગ્ય સુવિધાથી ઘર સુધી નિઃશુલ્ક પરિવહન સેવાઓ આપે છે. મફત પરિવહન સેવાથી લાભાર્થીઓ આરોગ્યસંભાળ સેવાઓ મેળવવા માટે પ્રોત્સાહિત થાય છે.

આ યોજના અંતર્ગત જાહેર આરોગ્ય સંસ્થામાં પ્રસુતિ પછી માતા અને નવજાત શિશુને આરોગ્ય સંસ્થાથી ઘરે પરત મુકવાની મફત સુવિધા પૂરી પાડવામાં આવે છે.

આ ઉપરાંત ખિલખિલાટ વાન દ્વારા પ્રસુતિ પહેલા અને પ્રસુતિ પછીની તપાસ અને સેવાઓ મેળવવા માટે સગર્ભા બહેનો અને ધાત્રી માતાઓને ઘરેથી આરોગ્ય સંસ્થા અને આરોગ્ય સંસ્થાથી ઘરે લાવવા લઈ જવાની સેવાઓ પણ આપવામાં આવે છે.

---

- પીટીસી ગાંધીનગર, બકુલા -(NAVIN)

# RESCUE OPERATION

ભારતીય તટ રક્ષક દળ દ્વારા પોરબંદરથી ઈરાન જઇ રહેલી બોટમાંથી 12 ખલાસીઓને બચાવી લેવાયા છે. પોરબંદરથી માલસામાન લઈને ઈરાન જઈ રહેલી બોટ દ્વારકાથી ૨૭૦ કિમી દૂર તોફાની દરિયાના કારણે ડૂબવા લાગી હતી. જે અંગે ભારતીય તટ રક્ષક દળના આઈસીજીએસ સાર્થક દ્વારા બચાવ કાર્ય હાથ ધરાયું હતું અને મધદરીયે ડૂબી રહેલી બોટમાંથી ૧૨ ખલાસીઓને બચાવાયા હતા. બચાવ બાદ તમામ ખલાસીઓને પોરબંદર પરત લઈ જવાયા

પાકિસ્તાની એરક્રાફ્ટ અને ખાનગી વેસલ દ્વારા પણ તપાસ અભિયાન હાથ ધરાયું હતું.

---------------------------------------------------------------------

- પીટીસી ગાંધીનગર બકુલા - -(NAVIN)

# REFUSE TRANSPORT STATION

રાજકોટના ધોરાજી નગરપાલિકા દ્વારા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત દરબારી વાડામાં ૧ કરોડ ૧૪ લાખ રૂપિયાના ખર્ચે રીફ્યુઝ ટ્રાન્સપોર્ટ સ્ટેશન બનાવવામાં આવી રહ્યું છે. ધોરાજી ખાતે નિર્માણાધીન આ રીફ્યુઝ ટ્રાન્સપોર્ટ સ્ટેશનનો ૨૫ ટન જેટલા કચરાના વ્યવસ્થિત અને ટૂંકા ગાળાના સંગ્રહ માટે ઉપયોગ કરવામાં આવશે.

શહેરી વિસ્તારમાંથી એકઠો કરાયેલ કચરો ભોડા ડમ્પીંગ સાઈટ ખાતે લઈ જવાશે જ્યારે ભોડા ડમ્પ સાઈટની જગ્યામાં ૪ કરોડ રૂપિયાના ખર્ચે મટિરિયલ રિસાયક્લિંગ ફેસિલિટી શેડ બનાવવામાં આવશે. આ શેડમાં એકત્ર કરાયેલા કચરાનું વર્ગીકરણ અને પૃથક્કરણ કરાશે અને ફરીથી ઉપયોગમાં લઈ શકાય તેવા કચરાનું રીસાયકલીંગ કરવામાં આવશે.

---

- મા. ખા. બકુલા

-(NAVIN)

# KHEL MAHAKUMBH

રાજ્યભરમાં જાન્યુઆરી મહિનામાં યોજાનારા ત્રીજા તબક્કાના ખેલ મહાકુંભ માટે આજથી ઑનલાઈન નોંધણીનો પ્રારંભ થયો છે. ઈચ્છુક ખેલાડીઓ 25 ડિસેમ્બર સુધી નોંધણી કરાવી શકશે. આ વખતે 39 રમત પૈકી 32 ઑલિમ્પિક રમતો અને સાત નવી રમતો રમાશે. જ્યારે વિશેષ ખેલ મહાકુંભના ત્રીજા તબક્કા અંતર્ગત 25 પેરા-સ્પોર્ટ્સ જેવી રમતોનું પણ આયોજન કરાયું છે. તેની નોંધણી આજથી શરૂ થઈ છે. ખેલ મહાકુંભ આગામી 31 માર્ચ 2025 સુધી યોજાશે.

---

- રીપીટ

# KESAR KERI PORBANDAR

પોરબંદરના માર્કેટિંગ યાર્ડમાં શિયાળાની શરૂઆતમાં જ ઉનાળુ કેસર કેરીનું આગમન થયુ છે. રાજ્યમાં ગીરની જેમ પોરબંદર જિલ્લાના બરડા પંથકમાં પણ કેસર કેરીનું ઉત્પાદન થાય છે.

પોરબંદરના માર્કેટિંગ યાર્ડમાં કેસર કેરીના એક બોક્સની આવક જોવા મળી હતી. કેરી પક્વતા ખેડૂત કેતનભાઈનું કહેવું છે કે બરડા પંથકનું હવામાન આંબાને માફક આવતા સિઝન પહેલા જ કેરીની આવક શરૂ થઇ છે. જો આવું જ હવામાન રહેશે તો ચાલુ વર્ષે કેસર કેરીનો મબલખ પાક આવે તેવી આશા છે. હરાજીમાં બોક્સનો ભાવ 10 હજાર 10 રૂપિયા બોલાયો હતો એટલે કે એક કિલો કેરી એક હજાર એક રૂપિયામાં વેચાઈ હતી.

કેરી એ ઉનાળુ ફળ ગણાય છે અને ઉનાળામાં જ કેરી વેચાણ માટે બજારમાં આવતી હોય છે. આ વખતે વાતાવરણમાં બદલાવ કે પછી અન્ય કોઈ કારણસર ઉનાળાને બદલે ભરશિયાળે આંબામાં કેરીનો ફાલ આવતાં કેરીના આંબા ધરાવતા ખેડૂતોથી લઈને વેપારીઓ સહિત સૌ કોઈમાં ભારે કુતૂહલ સાથે આશ્ચર્ય જોવા મળી રહ્યું છે.

---------------------------------------------------------------------

- પીટીસી પોરબંદર બકુલા -(NAVIN)

# E-KYC PANCHMAHAL

રાજ્યના રેશનકાર્ડ ધારકોના e-KYC કરવાની કામગીરી હાલમાં પુર જોશમાં ચાલી રહી છે. જે અંતર્ગત પંચમહાલ જિલ્લામાં e-KYC ની પ્રક્રિયા સરળતાથી થઇ શકે તે માટે તમામ તાલુકા મળીને કુલ ૧૦૦ આધાર કીટો સેવારત છે. જેથી પંચમહાલ જિલ્લાના રેશનકાર્ડ ધારકો હવે જે તે તાલુકાની મામલતદાર કચેરીઓ સિવાય તાલુકા પંચાયત કચેરી, શિક્ષણ શાખા, ICDS, બેંક, પોસ્ટ ઓફીસ, CSC સેન્ટરોમાં ઉપલબ્ધ આધારકાર્ડ કીટોનો લાભ લઇને આધારકાર્ડ અપડેટ અંગેની સુવિધા મેળવી શકશે.

---

- પીટીસી પંચમહાલ બકુલા -(NAVIN)

# WETHER

દક્ષિણ ગુજરાત વાતાવરણમાં પલટો આવતાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું છે. વલસાડ જિલ્લાનાં મહારાષ્ટ્રને અડીને આવેલા કેટલાંક ગામડાઓમાં છૂટો છવાયો વરસાદ થયા હોવાના અહેવાલ છે.

ઉલ્લેખનીય છે કે, હવામાન વિભાગે જિલ્લામાં કમોસમી વરસાદ થવાની શકયતા વ્યક્ત કરી હતી.

---------------------------------------------------------------------

- પીટીસી –વલસાડ, બકુલા -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................